eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 366
August 08, 2014

## આધાર નોંધણી કાર્યક્રમ બાબત :–

સુરત મહાનગરપાલિકા વિસ્તારના સોસાયટીઓ / એપાર્ટમેન્ટ / સંકુલો વિ.ના માલિકો / પ્રમુખશ્રીઓને જણાવવાનું કે આધાર નોંધણી કાર્યક્રમ અંતર્ગત આપની સોસાયટી / એપાર્ટમેન્ટ / સંકુલોના રહીશોની નોંધણી (આધાર કાર્ડ) બાકી હોય તો નીચેના સંપર્ક નંબર પર ફોન કરવા જણાવવામાં આવે છે. જેથી આપની સોસાયટી / એપાર્ટમેન્ટ

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં મિલ્કતને " સીલ " કરવાની / ડીમોલીશનની કામગીરી બાબત :–

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૦૧/૦૮/૨૦૧૪ થી તા.૧૫/૦૮/૨૦૧૪ સુધી "મહિલા સશકિતકરણ પખવાડિયા"નું આયોજન બાબતઃ–

ગુજરાતના રાજયના માન.મુખ્યમંત્રીશ્રીની મહિલા સશકિતકરણની કટીબધ્ધતાને ભાગરૂપ તા.૦૧/૦૮/૨૦૧૪ થી તા.૧૫/૦૮/૨૦૧૪ સુધી "મહિલા સશકિતકરણ પખવાડિયા"નું આયોજન કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને સુરત જીલ્લા પંચાયતના

વધુ માટે કલીક કરો >>>>>>

## મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશ્નરશ્રીની સુચના અનુસાર લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનમાં " Integrated Health - Engineering Action Plan " બાબત :–

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશ્નરશ્રીની સુચના અનુસાર લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનમાં " Integrated Health - Engineering Action Plan " મુજબ તા.૦૪/૦૮/૨૦૧૪ ના રોજ સવારે ૭.૦૦ થી બપોરે ૧.૦૦ દરમ્યાન ગોડાદરા વોર્ડ વિસ્તાર તેમજ ઉધનાયાર્ડ વોર્ડ વિસ્તાર (૧) હરીઓમ ચોક ગોડાદરા હેલ્થ સેન્ટર થઈ

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૫માં વન મહોત્સવની ઉજવણી બાબત :–

૬૫માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં વધુ વૃક્ષો વાવી આપણું સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર તા.૦૧/૦૮/૧૪ થી તા.૦૭/૦૮/૧૪ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૮, સંઘાડીયાવાડ, કોટસફીલ રોડ, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૨૪૬૫ થી ૨૪૬૮, ૨૪૬૯/અ–બ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૪/૦૮/૧૧ થી ભોંયતળીયા + પાંચ માળની વિકાસ પરવાનગી

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૧/૮/૨૦૧૪ના રોજ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે :–

સાઉથઝોન(ઉધના) માં એડી.સીટી ઈજનેરશ્રી ની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટેની (EWS) આવાસ યોજના તથા ઓછી આવક ધરાવતા લોકો માટેની (LIG) આવાસ યોજનાના બાબત :–

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટેની (EWS) આવાસ યોજના તથા ઓછી આવક ધરાવતા લોકો માટેની (LIG) આવાસ યોજનાના અનુક્રમે ૨૨૯૬ તથા ૮૭૨૧ મળી કુલ ૧૧૦૧૭ આવાસો નિર્માણ હેઠળ છે. સદર યોજના માટે દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપી પાત્રતા ધરાવતા લાભાર્થીઓ પાસે અરજીઓ

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૫માં વન મહોત્સવની ઉજવણી બાબત :–

૬૫માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં વધુ વૃક્ષો વાવી આપણું સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર તા.૦૧/૦૮/૧૪ થી તા.૦૭/૦૮/૧૪ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ છે. જેમાં પરિશિષ્ટ–અ માં જણાવેલ સ્થળોએથી

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૦૫/૦૮/૨૦૧૪ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંર્તગત સુરત મહાનગરપાલિકાના " Integrated Health - Engineering Action Plan" બાબત

"મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંર્તગત સુરત મહાનગરપાલિકાના " Integrated Health - Engineering Action Plan" સંદર્ભે તા.૫/૮/૨૦૧૪ ના રોજ સાઉથ ઝોન (ઉધના) ના બમરોલી અને ભેદવાડ (સોનલ) વોર્ડ ઓફિસના કાર્યક્ષેત્રમાં (૧) પત્રકાર સર્કલ થી બમરોલી વોર્ડ ઓફિસ સુધી તથા આજુ–બાજુનો

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની મહિલા સશક્તિકરણની કટીબધ્ધતાને ભાગરૂપ તા.૦૧-૦૮-૨૦૧૪ થી તા.૧૫-૦૮-૨૦૧૪ સુધી મહિલા સશક્તિકરણ પખવાડીયા નું આયોજન

ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની મહિલા સશક્તિકરણની કટીબધ્ધતાને ભાગરૂપ તા.૦૧-૦૮-૨૦૧૪ થી તા.૧૫-૦૮-૨૦૧૪ સુધી મહિલા સશક્તિકરણ પખવાડીયા નું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તા.૦૫-૦૮-૨૦૧૪ના રોજ સવારે૯ :૦૦ થી ૨:૦૦ કલાક દરમિયાન ૧૪ થી ૪૫

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત સરકાર દ્વારા ગતિશિલ ગુજરાત કાર્યક્રમ નિમિત્તે રાજયમાં આજ રોજ તા. ૫/૮/૨૦૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા કુપોષણ નિવારણ કાર્યક્રમ બાબત :–

ગુજરાત સરકાર દ્વારા ગતિશિલ ગુજરાત કાર્યક્રમ નિમિત્તે રાજયમાં આજ રોજ તા. ૫/૮/૨૦૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા કુપોષણ નિવારણ અર્થે મોરા ભાગળ,રાંદેર ખાતે આવેલ આંગણવાડી કેન્દ્ર નં ૨૯ પર માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ શ્રી.નિરવભાઈ શાહ, સ્થાનિક

વધુ માટે કલીક કરો >>>>>>

## રાખી મેલા–૨૦૧૪

## મિશન મંગલમ્ યોજના (ગ્રામીણ – શહેરી ) હેઠળ કાર્યરત બહેનોના જુથો ધ્વારા રાખડી તેમજ ઉત્પાદીત અન્ય ચીજવસ્તુઓનું વેચાણ :–

ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતાને ધ્યાને લઈ મહિલા સશક્તિકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવંતા બનાવવાના ભાગરૂપે રક્ષાબંધનના પવિત્રપર્વ નિમિત્તે રાખડી અને અન્ય સંબંધિત ચીજવસ્તુઓના વેચાણ માટે સીધુ બજાર મળી રહે તેમજ મહિલાઓના રચાયેલ સખી મંડળોને

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૫માં વન મહોત્સવની ઉજવણી બાબત :–

૬૫ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં વધુ વૃક્ષો વાવી આપણું સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર તા.૦૧/૦૮/૧૪ થી તા.૦૭/૦૮/૧૪ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ છે. જેમાં પરિશિષ્ટ–અ માં જણાવેલ સ્થળોએથી

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનમાં ઈ.ડબલ્યુ.એસ. આવાસોને સીલ મારવાની કામગીરી :–

પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ ટી.પી.૩(કરંજ),ફા.પ્લોટ નં.૩૮ માં અર્ચના વિધાલય પાસે E.W.S આવાસનાં લાભાર્થીઓ દ્વારા નિયમિત રીતે માસિક હપ્તા ન ભરવામાં આવતા આજ રોજ વરાછા ઝોનમા કા.ઈજનેરશ્રી ડી.સી.ભગવાગર ની આગેવાનીમાં સ્ટાફ દ્વારા સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## એસોસીએશન ઓફ મ્યુનિસીપાલિટીઝ એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (AMDA), દિલ્હી દ્વારા સુરત મહાનગરપાલિકા અને સુડાના સહયોગથી તા.૭ અને ૮ ઓગસ્ટ ૨૦૧૪ ના રોજ ધી ગેટ વે હોટલ, સુરત ખાતે "Innovative Initiatives in IT for Urban Local Bodies and Development Authorities" વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન બાબત :–

એસોસીએશન ઓફ મ્યુનિસીપાલિટીઝ એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (AMDA), દિલ્હી દ્વારા સુરત મહાનગરપાલિકા અને સુડાના સહયોગથી તા.૭ અને ૮ ઓગસ્ટ ૨૦૧૪ ના રોજ ધી ગેટ વે હોટલ, સુરત ખાતે "Innovative Initiatives in IT for Urban Local Bodies and Development Authorities"

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના વિકાસના કામોએ નડતરરૂપ રેલ્વેલાઈન ના કારણે અટકી રહેલા રેલ્વેઓવર બ્રીજ, રેલ્વે અંડરબ્રીજ તથા રેલ્વે વિભાગના અન્ય પડતર પ્રશ્નો ના નિરાકરણ લાવવા / ચર્ચા બાબત :–

સુરત મહાનગરપાલિકાના વિકાસના કામોએ નડતરરૂપ રેલ્વેલાઈન ના કારણે અટકી રહેલા રેલ્વેઓવર બ્રીજ, રેલ્વે અંડરબ્રીજ તથા રેલ્વે વિભાગના અન્ય પડતર પ્રશ્નો ના નિરાકરણ લાવવા / ચર્ચા કરવા સારૂ આજરોજ તા. ૦૬/૦૮/૨૦૧૪ ના રોજ મા. રેલ્વે મંત્રીશ્રી સંદાનંદા ગૌડા તથા મેમ્બર એન્જીનીયરીગ શ્રી ગુપ્તા ની સમક્ષ સાસંદશ્રી સી.આર.પાટીલ, તેમજ સાસંદશ્રી દર્શનાબેન જરદોશની આગેવાની હેઠળ સુરત

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧–૮–૧૪ થી ૧૪–૮–૧૪ સુધી " મહિલા સશકિતકરણ" નું પખવાડીયુ બાબત :–

તા.૧–૮–૧૪ થી ૧૪–૮–૧૪ સુધી **" મહિલા સશકિતકરણ"** નું પખવાડીયુ ઉજવવાનું સરકારશ્રીએ નકકી કરેલ છે. મે. કમિશનરશ્રીનાં તા. ૨–૮–૧૪ નાં આદેશ અનુસાર તા. ૬–૮–૧૪ નાં રોજ " મહિલા અસ્મિતા દિવસ" નાં ભાગરૂપે સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમાં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૫ માં વન મહોત્સવની ઉજવણી બાબત :–

૬૫ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં વધુ વૃક્ષો વાવી આપણું સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર તા.૦૧/૦૮/૧૪ થી તા.૦૭/૦૮/૧૪ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૬/૮/૧૪ના રોજ "મહિલા અસ્મિતા દિવસ"ની ઉજવણી અંતર્ગત મહિલા શિબિરનું આયોજન બાબતઃ–

ગતિશિલ ગુજરાત ૧૦૦ દિવસ લક્ષ્યાંકના ભાગરૂપે તા.૧/૮/૧૪થી ૧૫/૮/૧૪ સુધી મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા.૬/૮/૧૪ના રોજ "મહિલા અસ્મિતા દિવસ"ની ઉજવણી અંતર્ગત મહિલા શિબિરનું આયોજન સુરત મહાનગરપાલિકાના સરદાર ખંડ ખાતે મા.ડેપ્યુટી મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને કરવામાં

વધુ માટે કલીક કરો >>>>>>

## આધાર નોંધણી કાર્યક્રમ બાબત :–

સુરત મહાનગરપાલિકા વિસ્તારના સોસાયટીઓ / એપાર્ટમેન્ટ / સંકુલો વિ.ના માલિકો / પ્રમુખશ્રીઓને જણાવવાનું કે આધાર નોંધણી કાર્યક્રમ અંતર્ગત આપની સોસાયટી / એપાર્ટમેન્ટ / સંકુલોના રહીશોની નોંધણી (આધાર કાર્ડ) બાકી હોય તો નીચેના સંપર્ક નંબર પર ફોન કરવા જણાવવામાં આવે છે. જેથી આપની સોસાયટી / એપાર્ટમેન્ટ / સંકુલ ખાતે આધાર નોંધણી કેન્દ્ર શરૂ કરી શકાય.

૨૪૨૩૭૫૧–૫૪ / ૨૪૨૨૨૮૫–૮૭ એક્ષ્ટેનશન નંબર ૩૦૬

બેંકમાં ખાતુ ખોલાવવા, સ્કોલરશીપ સહીત સરકારશ્રીની અન્ય સહાય યોજનાઓનો લાભ મેળવવા આધાર કાર્ડની જરૂયાત ધ્યાને લઈ આધાર નોંધણી કરાવવા અપીલ કરવામાં આવે છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં મિલ્કતને " સીલ " કરવાની / ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી) | | |
| ૨ | વિસ્તાર | " ઓમનગર સોસાયટી " ડીંડોલી | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૧૨૨/બી | | |
| | સબ પ્લોટ નંબર | ૮૨૬ થી ૮૨૯ તથા ૮૫૮ થી ૮૬૧ | | |
| | રીઝર્વેશન પ્લોટની વિગત | – | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે) | શૈક્ષણિક | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ(ફુટમા) | ચો.ફુટ(વિસ્તાર) |
| | | ભોયતળિયે | – | – |
| | | પ્રથમમાળ | – | – |
| | | બીજોમાળ | – | – |
| | | .ત્રીજોમાળ | – | – |
| | | ચોથોમાળ | – | – |
| ૬ | માલિકનું નામ | વિધા વિહાર સંકુલ | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | ધી.બી.પી.એમ.સી.એકટ–૧૯૪૯ ની કલમ ૨૬૮ હેઠળ નોટીસ આપવામાં આવેલ. | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત / કામગીરીની વિગત | મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી),ફા.પ્લોટ નં. ૧૨૨/બી વાળી મિલ્કતમાં ડીંડોલી ખરવાસા ૩૬.૦ મી. મેઈન રોડને લાગુ ઓમનગર સોસાયટીના સબ પ્લોટ નં. ૮૨૬ થી ૮૨૯ તથા ૮૫૮ થી ૮૬૧ માં અગાઉ સુડા તરફથી રહેણાંક હેતુના બાંધકામના મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ સબપ્લોટ ભેગા કરી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી " વિધા વિહાર સંકુલ " ના નામે મિલ્કતદારશ્રી વલ્લભભાઈ ગોવિંદભાઈ કાસીયા તરફથી શૈક્ષણિક હેતુનો વપરાશ શરૂ કરી શાળા ચલાવવામાં આવી રહેલ. જે સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) તરફથી ધી.બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની કલમ ૨૬૮ મુજબ નોટીસ આપી તા.૨/૦૮/૧૪ ના આજરોજ શાળા ખાલી કરાવી સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. | | |
| ૯ | કર્મચારીની સંખ્યા | | | |
| | બેલદારની સંખ્યા | | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ચાર્જ | | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | – | | |
| ૧૩ | અન્ય માહિતી | | | |

TOP

## તા.૦૧/૦૮/૨૦૧૪ થી તા.૧૫/૦૮/૨૦૧૪ સુધી ''મહિલા સશકિતકરણ પખવાડિયા''નું આયોજન બાબતઃ–



ગુજરાતના રાજયના માન.મુખ્યમંત્રીશ્રીની મહિલા સશકિતકરણની કટીબધ્ધતાને ભાગરૂપ તા.૦૧/૦૮/૨૦૧૪ થી તા.૧૫/૦૮/૨૦૧૪ સુધી ''મહિલા સશકિતકરણ પખવાડિયા''નું આયોજન કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને સુરત જીલ્લા પંચાયતના સંયુકત ઉપક્રમે તા.૦૨/૦૮/૨૦૧૪ના રોજ સુરત મહાનગરપાલિકાના સાયન્સ સેન્ટર ખાતે સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન ''દીકરી દિવસ'' ઉજવવામાં આવેલ. જેમાં સુરત જીલ્લા મહિલા અને બાળ વિકાસ પ્રમુખ, સુરત મહાનગરપાલિકાના મહિલા સદસ્યોશ્રી, નવી સિવિલ હોસ્પીટલના તજજ્ઞો, લોક વિકાસ સંસ્થાના પ્રમુખ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હે અને હો) સુરત મહાનગરપાલિકા, ઈ.ચા.મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી તથા મહાનગરપાલિકા અને જીલ્લા પંચાયતના અધિકારીશ્રીઓ હાજર રહેલ.

ઉપરોકત પરિસંવાદમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ મહિલાઓને ''દીકરી દિવસ'' નિમિતે કુટુંબ, સમાજમાં દીકરીઓનું મહત્વ અંગે માર્ગદર્શન અને સવિસ્તાર સમજુતી આપવામાં અવી હતી જેમાં લોક વિકાસ સંસ્થાના પ્રમુખશ્રી સોનલબેન શ્રોફએ બેટી વધાવો અભિયાનમાં સમાજની જવાબદારી અને જરૂરી જાગૃતતા અંગે સવિસ્તાર માર્ગદર્શન આપેલ હતું. જયારે નવી સિવિલ હોસ્પિટલના તજજ્ઞ ડો.વીણાબેન દેસાઈ અને ડો.રાગીનીબેન વર્મા દ્વારા પી.સી.પી.એન.ડી.ટી. એકટ / ગર્ભપાત–એમ.ટી.પી. બાબતે વિસ્તૃત સમજણ આપી હતી. બાળરોગ નિષ્ણાત ડો.જીગીશાબેન દ્વારા સ્તન–પાન અને બાળરોગ વિશેની માહિતી આપી હતી. ડીવીઝનલ કો–ઓર્ડીનેટરશ્રી માઈક્રો ન્યુટ્રીયન્ટ એનીસ્યેટીવ શ્રી હેતલભાઈ પટેલ દ્વારા ઓ.આર.એસ. અને ઝીન્કનો ઝાડામાં ઉપયોગ બાબતે માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ઓલપાડ તાલુકાની આશાવર્કર બહેનોએ બેટી વધાવો નાટિકા દ્વારા બેટીનું મહત્વ સમજાવી સુંદર સંદેશો આપ્યો હતો. સદર કાર્યક્રમ નિમિતે જે.એસ.વાય અને કે.પી.એસ.વાયના લાભાર્થીઓને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હે અને હો) સુરત મહાનગરપાલિકાના હસ્તે ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ દીકરી યોજનાના લાભાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સભારંભના અંતમાં ઉપસ્થિત સૌએ ''સ્ત્રી–ભૂણ હત્યા ન કરવા'' માટે સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી.

TOP

## મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશ્નરશ્રીની સુચના અનુસાર લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનમાં " Integrated Health - Engineering Action Plan " બાબત :–

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશ્નરશ્રીની સુચના અનુસાર લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનમાં " Integrated Health - Engineering Action Plan " મુજબ તા.૦૪/૦૮/૨૦૧૪ ના રોજ સવારે ૭.૦૦ થી બપોરે ૧.૦૦ દરમ્યાન ગોડાદરા વોર્ડ વિસ્તાર તેમજ ઉધનાયાર્ડ વોર્ડ વિસ્તાર (૧) હરીઓમ ચોક ગોડાદરા હેલ્થ સેન્ટર થઈ જલારામનગર સુધી તથા આજુબાજુનો વિસ્તાર (૨) રણછોડનગર ટાવરથી લક્ષ્મણનગર ફાટક થઈ રંગીલાનગર ટાઉનશીપ સુધી તેમજ યાદવ કોર્પોરેશન રોડથી રંગીલાનગર માર્કેટ થઈ રામેશ્વરનગર સુધી (૩) ઉમીયાનગર સોસાયટીથી હનુમાન મંદિર થઈ ગોડાદરા પોલીસ ચોકી થઈ મંગલપાંડે કોમ્યુનીટી હોલથી રેલ્વે ડબલ ફાટક સુધી (૪) શ્રીજી નગર ચાર રસ્તા રામજી મંદિરથી હનુમાન ચાર રસ્તા થઈ મહારાણાપ્રતાપ ચાર રસ્તા થઈ ગોડાદરા દેવધગામ તરફનો ૧૫૦ ફુટ કેનાલ રોડ વિસ્તારમાં આરોગ્ય, ઈજનેરી ગુમાસ્તા, આકારણી, પ્રોફેશનલ ટેક્ષ વસુલાતની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કામગીરી મે.એડી.સીટી ઈજનેર શ્રી જે.કે.શાહના સીધા માર્ગદર્શન હેઠળ આસી.કમિશનર શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા, ઝોનલ ઓફિસરશ્રી રાજેશ સી. જરીવાલાના આગેવાની હેઠળ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેરશ્રી–૪, મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી–૩, જુ./આસી.ઈજનેર–૧૬ તેમજ સુપરવાઈઝર સ્ટાફ–૪૪ અને ૨૦૯ સફાઈ કામદાર / બેલદાર દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી.

સદર કામગીરી દરમ્યાન મે.કમિશ્નરશ્રી પણ રૂબરૂમાં હાજર રહી જરૂરી સુચનો તેમજ માર્ગદર્શન આપી કામગીરી પરિણામલક્ષી કરાવવામાં આવેલ હતી.

જેમાં સદર વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી કુલ ૪૬,૮૪૦ મેટ્રિક ટન નિકાલ કરાવવામાં આવ્યો હતો. આંગણવાડી–૫૭ તેમજ શૈક્ષણિક સંસ્થા–૩૭ની આજુબાજુના સાફ–સફાઈ / રીપેરીંગ કામગીરી કરવામાં આવી હતી. મેન હોલની સંખ્યા –૧૮ સ્ટ્રોમ વોટર ડ્રેઈનના ઈનલેટ ચેમ્બર સંખ્યાની–૭૦ ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. હોટલ / રેસ્ટોરન્ટ સંખ્યા–૧૧ ચેક કરી ૬૪૦૦ કિલોગ્રામ અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. ખુલ્લા / ખાનગી પ્લોટમાંથી–૨૯ વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. કુલ–૬૮ લાઈટ સ્ટ્રીટ પોલ ચેક કરી, ૦૫ રીપેરીંગ કરવામાં આવ્યા તથા ૦૫ બંધ સ્ટ્રીટ લાઈટ પોલ ચાલુ કરવામાં આવ્યા. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેકીંગ કરવામાં આવ્યું હતું. બિનઅધિકૃત બાંધકામ થયેલ હોય તે જગ્યા પર માર્કીંગની કામગીરી કરવામાં આવી હતી. ગુમાસ્તાધારા વિભાગ દ્વારા –૪૧ સંસ્થાની નોંધણી કરી, ૮૨,૦૦૦/– પ્રોફેશનલ ટેક્ષ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વોટર ટેબલ–૨૬૦૦ રનીંગ મીટર તથા ફુટપાથ–૧૦.૨ મીટર સેટ–રીસેટ કરવાની કામગીરી કરવામાં આવી તથા પેચવર્ક–૧૬૦ ચોરસ મીટર કરવામાં આવ્યું તેમજ હોસ્પીટલ અને કલીનીકમાં બાયોમેડીકલ વેસ્ટના નિકાલ બાબતે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગયુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન–જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમ્યાન મ્યુ.સભ્યશ્રી દયાશંકર સિંગ, શ્રી રવિન્દ્ર પાટીલ, શ્રી રાવસાહેબ પાટીલ, શ્રીમતી સુમનબેન પાટીલ, શ્રીમતી મીતાબેન ચૌહાણ તથા શ્રીમતી લક્ષ્મીબેન રાપોલુ હાજર રહી માર્ગદર્શન આપી લોકોનો સાથ સહકાર આપેલ હતો.

આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી કુલ નોટીસ–૨૭ તથા રૂા.૩૮,૯૫૦/–નો વહીવટી ચાર્જ કરવામાં આવ્યો હતો.

TOP

## ૬૫માં વન મહોત્સવની ઉજવણી બાબત :–

૬૫માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં વધુ વૃક્ષો વાવી આપણું સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર તા.૦૧/૦૮/૧૪ થી તા.૦૭/૦૮/૧૪ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ છે.

તા.૦૩/૦૮/૧૪ અને તા.૦૪/૦૮/૧૪ ના રોજ જે તે ઝોનમાં ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ. દિવસ દરમ્યાન વિવિધ વોર્ડ વિસ્તારમાં થયેલ ૭૯૪ રોપાના ટ્રી પ્લાન્ટેશન અને વિનામૂલ્યે વૃક્ષોના રોપા વિતરણ કેન્દ્રો મારફત ૧૬૩૪ નંગ વિવિધ વૃક્ષોના રોપાઓના વિતરણ સહિત કુલ–૨૪૨૮ રોપાઓનું શહેરમાં પ્લાન્ટેશન કરવામાં આવેલ.

TOP

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

(૧) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૮, સંઘાડીયાવાડ, કોટસફીલ રોડ, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૨૪૬૫ થી ૨૪૬૮, ૨૪૬૯/અ–બ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૪/૦૮/૧૧ થી ભોંયતળીયા + પાંચ માળની વિકાસ પરવાનગી આપવામાં આવેલ તથા તા.૧૭/૦૬/૧૨ થી ભોંયતળીયાના ભાગે બી.યુ.સી. આપવામાં આવેલ. જે અન્વયે મિલ્કતદાર શ્રી જુઝરભાઈ અસગરભાઈ જસુપુરવાલા ધ્વારા ઉપરોકત મેળવેલ રજાચીઠ્ઠી વિરુધ્ધ પાંચમાં માળે વધારાનું આર.સી.સી., બીમ, સ્લેબ, કોલમ સહિતનું બાંધકામ કરવામાં આવતાં અત્રેથી તા.૨૩/૦૭/૧૪ થી ગેરકાયદેસર બાંધકામ અંગે નોટીસ પાઠવવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં તા.૦૪/૦૮/૧૪ ના રોજ પાંચમાં માળે આશરે ૯૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, નોધ નં.૧૮૩ પૈકી, ૧૮૩/અ/૧ પૈકી અલાયાની વાડી, સુરત ખાતે પાંચમાં માળનું આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી., બીમ, કોલમ, સ્લેબ સહિતનું બાંધકામ, ભોંયતળીયે આશરે ૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં માર્જીનના ભાગમાં કરવામાં આવેલ ચણતરની દિવાલ સહિતનું બાંધકામ તા.૦૪/૦૮/૧૪ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૧/૮/૨૦૧૪ના રોજ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે :–

સાઉથઝોન(ઉધના) માં એડી.સીટી ઈજનેરશ્રી ની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ.

(૧) ટી.પી.૨(ઉધના), ફા.પ્લોટ નં ૧૧૬ માં આવેલ ભીડભંજન સોસાયટીના પ્લોટ નં.૧૭૦/એ, ૧૭૦/બી ના હયાત ગ્રાઉન્ડ ફ્લોરની ઉપરના ભાગે ચણતરકામ સીહતનું સેન્ટરીંગ શટરીંગ કામ કરવામા આવેલ. જે આજે આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરકામ તથા આશરે ૨૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સેન્ટરીંગ શટરીંગ કામ દુર કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ રૂા.૧૦,૦૦૦/– વસુલવામાં આવેલ.

(૨) ટી.પી.૨(ઉધના), ફા.પ્લોટ નં.૭૧ માં આવેલ જલારામનગર સોસાયટીના પ્લોટ નં. ૩૫, માં આવેલ મિલ્કતમાં સ્ટેર કેબિનની બાજુમાં આશરે ૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી ચણતરકામ કરવામાં આવેલ જે આજ રોજ દુર કરવામાં આવેલ.

TOP

## મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટેની (EWS) આવાસ યોજના તથા ઓછી આવક ધરાવતા લોકો માટેની (LIG) આવાસ યોજનાના બાબત :–

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટેની (EWS) આવાસ યોજના તથા ઓછી આવક ધરાવતા લોકો માટેની (LIG) આવાસ યોજનાના અનુક્રમે ૨૨૯૬ તથા ૮૭૨૧ મળી કુલ ૧૧૦૧૭ આવાસો નિર્માણ હેઠળ છે. સદર યોજના માટે દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપી પાત્રતા ધરાવતા લાભાર્થીઓ પાસે અરજીઓ મેળવવામાં આવેલ છે. સદર લાભાર્થીઓને લોન આપવવા સંદર્ભે તા. ૦૪.૦૮.૨૦૧૪ના રોજ મે. કમિશનરશ્રીની અધ્યક્ષતામાં સુરત મહાનગરપાલિકા તથા સુડાના સંયુકત ઉપક્રમે બેંકોના અધિકારીશ્રીઓ સાથે મીટીંગ રાખવામાં આવેલ જેમાં આંધ્ર બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા, અલ્હાબાદ બેંક, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, યુકો બેંક, આઈ.ડી.બી.આઈ બેંક,કોટક મહિન્દ્રા બેંક લી., ગૃહ ફાઈનાસ લી., સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, આઈ.સી.આઈ.સી.આઈ બેંક લી., કોર્પોરેશન બેંક, ઓરીએન્ટલ બેંક ઓફ કોર્મસ, એક્ષિશ બેંકના પ્રતિનિધિઓ હજાર રહેલા હતા.મીટીંગમાં હાજર રહેલ પ્રતિનિધિઓને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગતની (૧) આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટેની (EWS) આવાસ યોજના (૨) ઓછી આવક ધરાવતા લોકો માટે (LIG) આવાસ યોજનાની જોગવાઈઓથી માહિતગાર કરાવામાં આવ્યા. સુરત શહેરમાં વસવાટ કરતાં આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થીઓને તથા ઓછી આવક ધરાવતા લાભાર્થીઓને પોતાની માલિકીનું મકાન સસ્તા દરે મળે તે માટે સુરતમહાનગરપાલિકા કટિબધ્ધ છે. પાત્રતા ધરાવતા લાભાર્થીઓ કે જેઓ ડ્રો માં સફળ થનાર છે, તેઓને મકાનની કિંમતના ૮૦ % લોન બેંકો તરફથી સરળતાથી મળી રહે તે બાબતે ઉકત મીટીંગમાં જરૂરી પરામર્શ કરવામાં આવેલ છે. ડ્રો માં સફળ થનાર લાભાર્થીઓને બેંક મારફત લોન મેળવવા અમીલીકરણ એજન્સી સુરત મહાનગરપાલિકા અને સુડા તરફથી જરૂરી દસ્તાવેજ પુરા પાડવાની ખાતરી આપવામાં આવી. આ મીટીંગમાં શહેરી ગરીબોને ઉકત યોજનામાં લોન મળી રહે તે માટે ઉપરોકત બેંકો તરફથી હકારાત્મક પ્રતિભાવ આપવામાં આવેલ છે. તેમજ હવે પછી લોન માટે સરળતાથી અરજી કરી શકાય તે માટે બેન્કો સાથે વાટાઘાટ કરી જરૂરી કાર્યપધ્ધતિ નકકી કરવામાં આવશે.

TOP

## ૬૫માં વન મહોત્સવની ઉજવણી બાબત :–

૬૫માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં વધુ વૃક્ષો વાવી આપણું સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર તા.૦૧/૦૮/૧૪ થી તા.૦૭/૦૮/૧૪ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ છે. જેમાં પરિશિષ્ટ–અ માં જણાવેલ સ્થળોએથી નગરજનોને વિનામૂલ્યે રોપા મળી રહે એ મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| ઝોન | સ્થળ |
|---|---|
| ઈસ્ટ | મહારાણા પ્રતાપ ઉદ્યાન – નાના વરાછા |
| | શહીદ વીર ભગતસિંહ ઉદ્યાન – ત્રિકમ નગર |
| નોર્થ | ડાૅ.શ્યામા પ્રસાદ મુખરજી લેક ગાર્ડન, કાંસાનગર |
| વેસ્ટ | જયોતિન્દ્ર દવે ઉદ્યાન, જોગાણી નગર |
| | સુમન નર્સરી, ઉગત, મોરા ભાગળ |
| સાઉથ વેસ્ટ | લેકવ્યુ ગાર્ડન, પીપલોદ |
| | જવાહરલાલ નહેરૂ ઉદ્યાન, અઠવાલાઈન્સ |
| સાઉથ | ઝાંસી કી રાણી ઉદ્યાન, મીરાનગર |
| | શેઠશ્રી નવિનચંદ્ર મફતલાલ ઉદ્યાન, ભેસ્તાન |
| સાઉથ ઈસ્ટ | લિંબાયત ઝોન ઓફિસ, ડુંભાલ |
| સેન્ટ્રલ | ગાંધીબાગ, ચોક |

તા.૦૫/૦૮/૧૪ના રોજ જે તે ઝોનનાં ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ. દિવસ દરમ્યાન વિવિધ વોર્ડ વિસ્તારમાં થયેલ ૭૯૫ રોપાના ટ્રી પ્લાન્ટેશન અને વિનામૂલ્યે વૃક્ષોના રોપા વિતરણ કેન્દ્રો મારફત ૧૮૬૦ નંગ વિવિધ વૃક્ષોના રોપાઓના વિતરણ સહિત કુલ–૨૬૫૫ રોપાઓનું શહેરમાં પ્લાન્ટેશન કરવામાં આવેલ.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૦૫/૦૮/૨૦૧૪ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં અઠવાગેટ પાસે વોર્ડ નં.૧૩ (અઠવા) નોંધ નં.૬૯૪, ૬૯૫ માં આવેલ ''ધીરજ સન્સ'' વાળી મિલકતમાં મિલકતદાર તરફથી સદરહુ મિલકતના મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલ આગળનાં ખુલ્લા રાખવા પાત્ર માર્જીનવાળા ભાગમાં વ્યાપારિક / ધંધાકીય હેતુસરનો ઉપયોગ તેમજ બેઝમેન્ટ (પાર્કીગ) માં અન્ય વપરાશ / ઉપયોગ કરવામાં આવતો હોવાનું ધ્યાને આવતાં અત્રેથી સદરહુ વ્યાપારિક હેતુસરના દબાણ / કાઉન્ટરો જપ્ત કરી અનઅધિકૃત ઉપયોગ બંધ કરવામાં આવેલ છે તેમજ લોખંડની એંગલ ઉપર છાપરાં નાંખી બનાવેલ બે કાઉન્ટર / બાંધકામો દુર કરવામાં આવેલ છે. સદરહુ કામગીરી અંગે વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે તેમજ બાંહેધરી ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦,૦૦૦/– નો ચેક જમા લેવામાં આવેલ છે અને ૪૩૦૦.૦૦ ચો.મી.જગ્યા ખુલ્લી કરાવવામાં આવેલ છે.

તદ્દઉપરાંત આગામી દિવસોમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં આવેલ આ પ્રકારના મંજુર પ્લાન વિરુધ્ધના તેમજ અન્ય તમામ બાંધકામના માર્જીનમાં તેમજ પાર્કીગમાં ચાલતી વ્યાપારિક પ્રવૃત્તિઓ અંગે અઠવા ઝોન દ્વારા કડક રીતે પગલા ભરવાની કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવનાર છે.

TOP

## ''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન'' અંર્તગત સુરત મહાનગરપાલિકાના " Integrated Health - Engineering Action Plan" બાબત :–

''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન'' અંર્તગત સુરત મહાનગરપાલિકાના " Integrated Health - Engineering Action Plan" સંર્દભે તા.૫/૮/૨૦૧૪ ના રોજ સાઉથ ઝોન (ઉધના) ના બમરોલી અને ભેદવાડ (સોનલ) વોર્ડ ઓફિસના કાર્યક્ષેત્રમાં (૧) પત્રકાર સર્કલ થી બમરોલી વોર્ડ ઓફિસ સુધી તથા આજુ–બાજુનો વિસ્તાર (૨) બમરોલી વોર્ડ ઓફિસ થી ગોવાલક ખાડી સુધીનો વિસ્તાર (૩) સપ્તશૃગી મંદિર થી ગુલશનનગરવાળો રોડ ખાડી સુધી તથા (૪) નાગસેનનગર સ્કુલ થી આર્વિભાવ –૨ હનુમાન મંદિર સુધી ના વિસ્તારમાં આરોગ્ય અને ઈજનેરી વિભાગના સ્ટાફ દ્વારા સયુકતપણે ધનિષ્ટ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ છે.

અભિયાન દરમ્યિાન ઝોનના વડા, કાર્યપાલક ઈજનેર, આસી.કમિશ્નર, નાયબ આરોગ્ય અધિકારી, તથા આરોગ્ય વિભાગ અને ઈજનેરી વિભાગના કર્મચારીઓ એ હાજર રહી આશરે ૨૦૦ કામદારો પાસે સીધી દેખરેખ હેઠળ સદર વિસ્તારમાં ધનિષ્ટ સાફ–સફાઈ,સ્કેપીંગ/બ્રશીંગ કરાવી ૪૯ મે.ટન કચરાનો નિકાલ કરાવેલ, ૦૭ સ્ટ્રીટ લાઈટ પોલ ને રીપેરીંગ કરાવેલ, રસ્તા રીપેરીંગ હેઠળ ૮૦ ચો.મી. પેચવર્ક કરાવેલ છે, ૦૪ મેન હોલ તેમજ ૪૬ સ્ટોમ ઈનલેટ ચેમ્બરની મળી કુલ ૪૬ સફાઈ કરાવેલ છે. દબાણ વિભાગ દ્વારા ૧૭ લારી–ગલ્લા દુર કરાવેલ છે. એક ટ્રક બિલ્ડીંગ મટીરીયલના ઢગલા ઉચકાવવાની કામગીરી કરાવેલ છે. ગુમાસ્તાધારા અંર્તગત ૪૦ સંસ્થાઓ ચેક કરી ૩૩ ને નોટીસ આપવવામાં આવેલ તેમજ વ્યવસાયવેરા હેઠળ ૪૦ સંસ્થા ચેક કરી ૦૬ સંસ્થાને નોટીસ આપેલ છે. અભિયાન દરમ્યાન વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૨૦૧૬ ઘરોનો ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે કરી મળેલ ૨૩ બ્રીડીંગ સ્પોટનો નાશ કરેલ તથા ૪૯૮ સ્લાઈડ કલેકશન કરી તથા ૪૫૧ રહેણાંક યુનિટ તથા ૪૬૯ પાણી ટાંકી ચેક કરવામાં આવેલ. જંતુનાશક દવાનો છંટકાવ, મચ્છરની ઉત્તપતિ અટકાવવાની કામગીરી તથા પ્રચાર ગાડી દ્વારા પાણીજન્ય તથા વાહકજન્ય રોગો વિશે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ, જેનો અંદાજીત ૬૦૦૦ લોકોને લાભ મળશે. સદર અભિયાન દરમ્યાન મા.કમિશ્નરશ્રી એ મુલાકત લઈ જરૂરી માર્ગદર્શન આપેલ.

સદર અભિયાન દરમ્યિાન કસુરવાર ૧૦૩ ઈસમોને નોટીસ આપી ૮૬ ઈસમો પાસેથી વહીવટી ખર્ચ રૂા. ૩૭,૩૦૦/– વસુલવાની કામગીરી કરવામાં આવેલ છે.

TOP

## ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની મહિલા સશકિતકરણની કટીબધ્ધતાને ભાગરૂપ તા.૦૧-૦૮-૨૦૧૪ થી તા.૧૫-૦૮-૨૦૧૪ સુધી મહિલા સશકિતકરણ પખવાડીયા નું આયોજન :–






ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની મહિલા સશકિતકરણની કટીબધ્ધતાને ભાગરૂપ તા.૦૧-૦૮-૨૦૧૪ થી તા.૧૫-૦૮-૨૦૧૪ સુધી મહિલા સશકિતકરણ પખવાડીયા નું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તા.૦૫-૦૮-૨૦૧૪ના રોજ સવારે૯ :૦૦ થી ૨:૦૦ કલાક દરમિયાન ૧૪ થી ૪૫ વર્ષની મહિલાઓની આરોગ્ય તપાસણી કરવા માટે સમગ્ર શહેરમાં ૪૪ આરોગ્ય કૅમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી મુખ્ય ઉદ્દ્ઘાટન સમારોહ આંગણવાડી નં.૨૯, સુભાષ ગાર્ડન પાસે, મોરાભાગળ ખાતે રાખવામાં આવેલ હતો. જે સમારોહમાં સુરત શહેરના માનનીય ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, મહિલા સશકિતકરણ સુરત શહેર કમિટી સભ્ય શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, મ્યુ. સદ્સ્યોશ્રી હિતેશભાઈ પટેલ, શ્રી અનિલભાઈ પટેલ, શ્રીમતી પારૂલબેન ભારતી, શ્રીમતી જશીબેન રાઠોડ, શ્રીમતી લક્ષ્મીબેન રાંદરીયા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. કમિશ્નરશ્રી હેમંત દેસાઈ, અને સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા. જયારે અન્ય મહિલા આરોગ્ય કૅમ્પનું ઉદ્દ્ઘાટન સ્થાનિક મ્યુનિસીપલ સદ્સ્યો દ્વારા કરવામાં આવેલ હતું.

**સમારંભ નું સ્વાગત પ્રવચન ડો.હેમત દેસાઇ,ડે કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) દ્વારા કરવામાં આવ્યુ.તેઓએ જણાવ્યું કે મહિલા સશકિતકરણ ની ઉજવણી સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. જેનો લાભ બહેનોએ લેવો જોઈએ.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહે જણાવ્યુ કે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ જેઓ પ્રથમ મહિલા મુખ્યમંત્રી છે ત્યારે તેમણે મહિલાઓના સ્વાસ્થય,સામાજિક અને સુરક્ષાની ચિંતા કરી મહિલા સશકિતકરણ કાર્યક્રમ ની પખવાડીક ઉજવણી સમગ્ર રાજય માટે જાહેર કરેલ છે. ત્યાર બાદ માનનીય ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ તથા અન્ય મહાનુભવોએ આરોગ્ય કેમ્પની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન આપેલ હતું.**

ઉપરોકત તમામ આરોગ્ય કેમ્પમાં ૬૦૦૦ થી વધારે સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહેલ તે મહિલાઓની આરોગ્યની તપાસ સ્ત્રીરોગ નિષ્ણાંત તથા ઉપસ્થિત રહેલ બાળકોની આરોગ્ય તપાસ બાળરોગ નિષ્ણાંત દ્વારા કરવામાં આવી હતી, તેમજ હાજર રહેલ મહિલાઓને આરોગ્યલક્ષી શિક્ષણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આરોગ્ય કૅમ્પ દરમ્યાન પાંચ વર્ષથી નાના બાળકોને **ORS** નું એક પેકેટ આપવામાં આવેલ હતું તથા **ORS** નો ઉપયોગ તથા તેને બનાવવાની પધ્ધતિ સમજાવવામાં આવેલ. આ કૅમ્પમાં જરૂરીયાતમંદ મહિલાઓને લોહીની તપાસ અને દવાઓનું વિતરણ કરવામાં આવેલ હતું, તેમજ આ આરોગ્યલક્ષી દરેક કૅમ્પમાં મમતા દિવસની કામગીરી પણ કરવામાં આવી હતી.

**TOP**

## ગુજરાત સરકાર દ્વારા ગતિશિલ ગુજરાત કાર્યક્રમ નિમિત્તે રાજયમાં આજ રોજ તા. ૫/૮/૨૦૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા કુપોષણ નિવારણ કાર્યક્રમ બાબત :–

ગુજરાત સરકાર દ્વારા ગતિશિલ ગુજરાત કાર્યક્રમ નિમિત્તે રાજયમાં આજ રોજ તા. ૫/૮/૨૦૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા કુપોષણ નિવારણ અર્થે મોરા ભાગળ,રાંદેર ખાતે આવેલ આંગણવાડી કેન્દ્ર નં ૨૯ પર માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ શ્રી.નિરવભાઇ શાહ, સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, ડે. કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. હેમંત દેસાઇ તથા આસી.કમિશ્નરશ્રી(રાંદેર ઝોન)ની ઉપસ્થિતિમાં આંગણવાડીનાં બાળકોને નાસપતી વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવેલ.

સમારંભનું સ્વાગત પ્રવચન ડો.હેમત દેસાઇ, ડે કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) દ્વારા  કરવામાં આવ્યુ. તેઓએ જણાવ્યું કે સરકારશ્રી ધ્વારા કુપોષણની સમસ્યા દૂર કરવા માટે પ્રયત્નો કરવામાં આવી રહયા છે ત્યારે આ અભિયાનમાં સ્વૈચ્છિક સંસ્થાઓ પણ જોડાઈ એ ઈચ્છનીય છે.એમણે જણાવ્યું કે, આજરોજ કુપોષણ નિવારણ અર્થે આંગણવાડી ના ૩ થી ૬ વર્ષના ૫૦,૦૦૦ બાળકોને નાસપતી ના વિતરણ ની શરૂઆત રાંદેરઝોનથી કરવામાં આવી છે. દરરોજ જુદા જુદા ઝોનની આંગણવાડી કેન્દ્રોના બાળકોને આવરી લઈ સાત દિવસમાં સાત ઝોનનાં તમામ આંગણવાડી કેન્દ્રો પર બાળકોને નાસપતીનું વિતરણ કરવામાં આવશે. આ નાસપતી મહાત્મા ગાંધી ફ્રુટ એસીસીએશન ફ્રુટ માર્કેટ સુરત ધ્વારા સ્પોનસર કરવામાં આવેલ છે. વધુમાં તેમણે કહયું કે, માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલની તાજેતરની સુરત મુલાકાત દરમ્યાન ૧૧ સંસ્થાઓ દ્વારા ૧૧૧ આંગણવાડીઓ દત્તક લેવામાં આવી છે.આ સંસ્થાઓ  આંગણવાડી કાર્યકર બહેનોને સુપરવિઝન/મોનીટરીંગમાં મદદ કરશે અને જો આંગણવાડી કેન્દ્રો પર કઈ સાધન/સામગ્રી ની જરૂર હશે, તો તે પણ સંસ્થા આપશે. આ ઉપરાંત મોદી સમર્થક મહિલા મંડળ ધ્વારા લીંબાયત, ઉધનાઝોન વિસ્તારની ૫૬૭ આંગણવાડી કેન્દ્રો પર અઠવાડીયામાં બે વાર પૌષ્ટિક આહાર આપવા પણ સંમંતિ દર્શાવેલ છે. તેમણે જણાવ્યું કે અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આંગણવાડી દત્તક લેવા માંગતા હોય કે પોષણ આહાર આપતા માંગતા હોય તો તેમને આહ્વાન કરવામાં આવે છે.

સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહે જણાવ્યુ કે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ જેઓ પ્રથમ મહિલા મુખ્યમંત્રી છે તેમણે કુપોષણ મુકત સુરત કરવા હાકલ કરેલ  છે, જે પડકાર આપણે સૌ એ ભેગા મળી હલ કરવો પડશે. તેમણે જણાવ્યું કે આંગણવાડીનાં બાળકોમાં રહેલ કુપોષણ નિવારણ અર્થે પૌષ્ટિક આહાર બાળકોને આપવો જોઈએ તથા દરરોજ નિયમિત આંગણવાડીમાં બાળકોને મોકલવા જોઈએ. કાર્યક્રમનાં અંતે મહાનુભાવો ધ્વારા પ્રદર્શન અર્થે રાખવામાં આવેલ વિવિધ સ્ટોલની મુલાકાત લેવામાં આવી અને માર્ગદર્શન આપવામાં આવ્યું.

TOP

## રાખી મેલા–૨૦૧૪

## મિશન મંગલમ્ યોજના (ગ્રામીણ – શહેરી ) હેઠળ કાર્યરત બહેનોના જુથો ધ્વારા રાખડી તેમજ ઉત્પાદીત અન્ય ચીજવસ્તુઓનું વેચાણ :–

ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતાને ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવંતા બનાવવાના ભાગરૂપે રક્ષાબંધનના પવિત્રપર્વ નિમિત્તે રાખડી અને અન્ય સંબંધિત ચીજવસ્તુઓના વેચાણ માટે સીધુ બજાર મળી રહે તેમજ મહિલાઓના રચાયેલ સખી મંડળોને આર્થિક ટેકો મળે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના વિવિધ **કુલ–૧૬ સ્થળોએ કુલ–૬૮ સ્ટોલ મારફતે મહિલા જુથો ધ્વારા** ઉત્પાદિત/ વેચાણ થતી રાખડી તેમજ અન્ય ચીજ–વસ્તુઓનું વેચાણ તા.૩/૮/'૧૪થી શરૂ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકાના સશકિતકરણ અંગેના પ્રયત્નોને 'રાખી મેલા' થકી વેગવંતા બનાવવાના પ્રયાસને સુરતના શહેરીજનો ધ્વારા ખુબ જ સારો પ્રતિસાદ મળી રહેલ છે. જેથી છેલ્લા ત્રણ (૩) દિવસો દરમ્યાન રાખી મેળામાં જોડાયેલ સખી મંડળો ધ્વારા અત્યાર સુધી કુલ રા.૪,૪૦,૦૩૫/–નું વેચાણ થયેલ છે. આ રાખી મેલા તા.૯/૮/'૧૪ સુધી તમામ ૧૬ સ્થળોએ ચાલનાર હોય, ત્યાંથી રાખડી તેમજ અન્ય ચીજ વસ્તુઓ ખરીદી મહિલા જુથોને પ્રોત્સાહિત કરવા સુરત શહેરની જનતાને વિનંતી.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારની કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં આવેલ ઉમરા એસ.કે.પાર્ક સોસાયટી પાસેના રસ્તા પર રીલાયન્સ જીઓ કંપનીના ઈજારદાર તરફથી સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર રસ્તા ખોદાણ કરી કેબલ નાંખવાનું કામ શરૂ કરવામાં આવેલ, જે ધ્યાને આવતાં તે તાત્કાલિક અટકાવી તેમના ખર્ચે રીપેરીંગ કરાવવામાં આવેલ તથા પેનલ્ટી પેટે રૂા.૨૫,૦૦૦/– ભરપાઈ કરાવવામાં આવ્યા છે.

(૨) સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં પીપલોદ–વેસુ વિસ્તારમાં આવેલ સારસ્વતનગર સોસાયટીનાં પ્લોટ નં.૨૦૭ ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના પાણી પુરવઠાનું નળ કનેકશન રીપેરીંગ કરવા માટે પુરી પહોળાઈમાં રોડનું ખોદાણ કરી વાહન વ્યવહારને અડચણરૂપ કામગીરી કરતા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન તરફથી સદર કનેકશન ધારક પાસેથી રસ્તા ખોદાણ સહિત પેનલ્ટી પેટે રૂા.૩૦૩૨/– વસુલ લેવામાં આવેલ છે.

(૩) આજરોજ તા.૦૬/૦૮/૧૪ ના રોજ નવા ભટાર હળપતિવાસમાં ''વિસાત એન્ટરપ્રાઈઝ'' નામે મીનરલ વોટર પ્લાન્ટ ધ્વારા જાહેર રસ્તા પર પાણી ઢોળીને કરેલ ગંદકી બાબતે રૂા.૧૫,૦૦૦/– ની પેનલ્ટી કરી તેમજ પાણીની ગુણવત્તા સંદર્ભે ફુડ વિભાગ ધ્વારા આનુષાંગિક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

TOP

## ૬૫માં વન મહોત્સવની ઉજવણી બાબત :–

૬૫ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં વધુ વૃક્ષો વાવી આપણું સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર તા.૦૧/૦૮/૧૪ થી તા.૦૭/૦૮/૧૪ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ છે. જેમાં પરિશિષ્ટ–અ માં જણાવેલ સ્થળોએથી નગરજનોને વિના મૂલ્યે રોપા મળી રહે એ મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**પરિશિષ્ટ – અ**

| ઝોન | સ્થળ |
|---|---|
| ઈસ્ટ | મહારાણા પ્રતાપ ઉધાન – નાના વરાછા, |
| | શહીદ વીર ભગતસિંહ ઉધાન – ત્રિકમ નગર |
| નોર્થ | ડાૅ. શ્યામા પ્રસાદ મુખરજી લેક ગાર્ડન, કાંસાનગર |
| વેસ્ટ | જયોતિન્દ્ર દવે ઉદ્યાન, જોગાણી નગર, |
| | સુમન નર્સરી, ઉગત, મોરા ભાગળ |
| સાઉથ વેસ્ટ | લેકવ્યુ ગાર્ડન, પીપલોદ, |
| | જવાહરલાલ નહેરૂ ઉદ્યાન, અઠવાલાઈન્સ |
| સાઉથ | ઝાંસી કી રાણી ઉધાન, મીરાનગર, |
| | શેઠશ્રી નવિનચંદ્ર મફતલાલ ઉધાન, ભેસ્તાન |
| સાઉથ ઈસ્ટ | લિંબાયત ઝોન ઓફિસ, ડુંભાલ |
| સેન્ટ્રલ | ગાંધીબાગ, ચોક |

તા.૦૬/૦૮/૧૪ ના રોજ જે તે ઝોનનાં ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ. દિવસ દરમ્યાન વિવિધ વોર્ડ વિસ્તારમાં થયેલ ૭૪૯ રોપાના ટ્રી પ્લાન્ટેશન અને વિનામૂલ્યે વૃક્ષોના રોપા વિતરણ કેન્દ્રો મારફત ૨૨૩૫ નંગ વિવિધ વૃક્ષોના રોપાઓના વિતરણ સહિત કુલ– ૨૯૮૪ રોપાઓનું શહેરમાં પ્લાન્ટેશન કરવામાં આવેલ.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં ઈ.ડબલ્યુ.એસ. આવાસોને સીલ મારવાની કામગીરી :–

પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ ટી.પી.૩(કરંજ),ફા.પ્લોટ નં.૩૮ માં અર્ચના વિદ્યાલય પાસે E.W.S આવાસનાં લાભાર્થીઓ દ્વારા નિયમિત રીતે માસિક હપ્તા ન ભરવામાં આવતા આજ રોજ વરાછા ઝોનમા કા.ઈજનેરશ્રી ડી.સી.ભગવાગર ની આગેવાનીમાં સ્ટાફ દ્વારા સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ હતી.જે અન્વયે કુલ ૫૨૮ આવાસો પૈકી માંથી ૨૭૫ આવાસોને સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ. સદર કામગીરી દરમિયાન લાભાર્થીઓ પાસેથી સ્થળ ઉપર કુલ રૂા.૧૨,૦૦,૦૦૦/– (બાર લાખ) વસુલવામાં આવેલ છે. જે કામગીરી મોડી સાંજ સુધી ચાલુ રાખવામાં આવનાર છે. સદર કામગીરી પોલીસ સ્ટાફની મદદથી સારી રીતે પૂરી કરી શકાયેલ લાભાર્થી ઈસમોએ માસિક માત્ર રૂા. ૪૨૭/–હપ્તા પેટે ભરવાના થતાં હોવા છતાં ઘણાં ઈસમો નિયમિત રીતે હપ્તા ભરતા નથી. વરાછા ઝોનમાં E.W.S આવાસનાં હપ્તા પેટે બાકી નીકળતી લેણી રકમ વસુલવા માટે વખતોવખત સીલ મારવાની ઝુબેશ કરવામાં આવે છે.ભવિષ્યમાં પણ આ પ્રકારની ઝુબેશો ચાલુ રાખવામાં આવશે. સદર કામગીરી વરાછા ઝોનના જમીન મિલકત વિભાગ, તથા ઝોનના ડેપ્યુટી ઈજનેરો, આસી. /જુની. ઈજનેર મારફતે કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ કરાવવામાં આવેલ છે.

TOP

## એસોસીએશન ઓફ મ્યુનિસીપાલિટીઝ એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (AMDA), દિલ્હી દ્વારા સુરત મહાનગરપાલિકા અને સુડાના સહયોગથી તા.૭ અને ૮ ઓગસ્ટ ૨૦૧૪ ના રોજ ધી ગેટ વે હોટલ, સુરત ખાતે "Innovative Initiatives in IT for Urban Local Bodies and Development Authorities" વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન બાબત :–

એસોસીએશન ઓફ મ્યુનિસીપાલિટીઝ એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (AMDA), દિલ્હી દ્વારા સુરત મહાનગરપાલિકા અને સુડાના સહયોગથી તા.૭ અને ૮ ઓગસ્ટ ૨૦૧૪ ના રોજ ધી ગેટ વે હોટલ, સુરત ખાતે "Innovative Initiatives in IT for Urban Local Bodies and Development Authorities" વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. વર્કશોપનો હેતુ મ્યુનિસીપાલિટીઝ અને વિકાસ સત્તામંડળને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં નવી તકનીકની જાણકારી આપવા બાબતનો છે, જે સ્થાનિક સત્તામંડળને ફરીયાદ નિવારણ, ટ્રાન્સપોર્ટેશન, પાણી પુવરઠો, ગટર વ્યવસ્થા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, નાગરીકની ફરીયાદ તથા પ્રોપર્ટી ટેક્ષ પેમેન્ટનું ઓનલાઈન રજીસ્ટ્રેશન વિગેરે બાબતોમાં ત્વરીત નિર્ણય લેવામાં ઉપયોગી અને અસરકારક થઈ શકે તેમ છે. જે વર્કશોપમાં દેશની અન્ય મહાનગરપાલિકા તથા સ્થાનિક સત્તામંડળના ઉચ્ચ અધિકારીઓ તેમજ સુરત મહાનગરપાલિકા અને સુડાના અધિકારીઓ ભાગ લેનાર છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના વિકાસના કામોએ નડતરરૂપ રેલ્વેલાઈન ના કારણે અટકી રહેલા રેલ્વેઓવર બ્રીજ, રેલ્વે અંડરબ્રીજ તથા રેલ્વે વિભાગના અન્ય પડતર પ્રશ્નો ના નિરાકરણ લાવવા / ચર્ચા બાબત :–



સુરત મહાનગરપાલિકાના વિકાસના કામોએ નડતરરૂપ રેલ્વેલાઈન ના કારણે અટકી રહેલા રેલ્વેઓવર બ્રીજ, રેલ્વે અંડરબ્રીજ તથા રેલ્વે વિભાગના અન્ય પડતર પ્રશ્નો ના નિરાકરણ લાવવા / ચર્ચા કરવા સારૂ આજરોજ તા. ૦૬/૦૮/૨૦૧૪ ના રોજ મા. રેલ્વે મંત્રીશ્રી સંદાનંદા ગૌડા તથા મેમ્બર એન્જીનીયરીગ શ્રી ગુપ્તા ની સમક્ષ સાસંદશ્રી સી.આર.પાટીલ, તેમજ સાસંદશ્રી દર્શનાબેન જરદોશની આગેવાની હેઠળ સુરત મહાનગરપાલિકા ના મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે અને સીટી ઈજનેરશ્રી જતિન શાહ ની ટીમે રેલ્વે વિભાગ સાથેના વિવિધ પ્રશ્નો નું પ્રેજન્ટેશન કરવામાં આવેલ હતું.

આ પ્રેજન્ટેશન માં સુરત મહાનગરપાલિકા મારફતે મુખ્યત્વે રેલ્વે કલવર્ટ નં. ૪૪૫ ,(સહારા દરવાજા) પાસે બોક્ષ કલવર્ટ બનાવવાનું, ઉધના રેલ્વે સ્ટેશન પાસે રેલ્વે કલવર્ટ નં. ૪૩૮ ની બાજુમા નવુ બોક્ષ કલવર્ટ બનાવવાનું, રેલ્વે કલવર્ટ નં. ૪૩૭ પર લિંબાયત અને ઉધનાને જોડતો આર. ઓ.બી, ભેસ્તાન રેલ્વે સ્ટેશન પાસે લેવલ ક્રોસિંગ ૧૪૩ પર રેલ્વે બ્રીજ બાંધવાનુ, ઉમરવાડા બોમ્બે માર્કેટ તથા રીંગરોડને જોડતો ચીડીયા કુઈ બ્રીજ, સુરત–ભુસાવલ રેલ્વે લાઈન પર એલ.સી.–૩ પર પાણીની પાઈપલાઈન પસાર કરવાનુ કામ જેવા મુખ્યત્વે કામો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સુરત મહાનગરપાલિકા સહારા દરવાજા પાસે રેલ્વે કલવર્ટ નં. ૪૪૫ માંથી પસાર થતા વાહનો પર ઉપરથી ટપકતુ ગંદુ પાણી અટકાવવા માટે બોક્ષ બનાવવા માટે ની જુદીજુદી કન્સ્ટ્રકશની સ્ટેજ વાઈઝ એકટીવીટી સાથે દર્શાવેલ જેની પરવાનગી રેલ્વે વિભાગ મારફતે આગામી સોમવાર સુધીમાં મળી જાય. તે મુજબની પશ્ચિમ રેલ્વેના અધિકારીઓને રેલ્વેમંત્રીશ્રી મારફતે સૂચના આપવામાં આવેલ છે. ઉધના સંજયનગર પાસે આવેલ બોક્ષ કલવર્ટ – ૪૩૮ ની બાજુમાં નવુ આર.સી.સી. બોક્ષ બનાવવા સંદર્ભે સુરત મહાનગરપાલિકા મારફતે સુચવાયેલ ક્રોસ રિલિવિંગ ગર્ડર પધ્ધતિ અથવા ક્રોસ રિલેય શિફટીંગ માંથી એક પધ્ધતિ સ્વીકારી સદર પ્રશ્નનું નિરાકરણ લાવવા આશ્વાસન આપેલ છે જેથી સુરત મહાનગરપાલિકા ને આર્થિક ફાયદો પણ થશે.

આ ઉપરાંત સુરત રેલ્વે સ્ટશેનને અધતન બનાવવા માટે તેમજ રેલ્વે સ્ટેશન પર વધારાના રેલ્વે પ્લેટ ફોર્મ બનાવવા તથા સુરત રેલ્વે સ્ટેશન પર આવતા પસેન્જર ની સુવિધાના ભાગરૂપે રેલ્વે સ્ટેશન થી સીધા સીટી બસ સ્ટેન્ડ, એસ–ટી બસ સ્ટેન્ડ સુધી જવાય તે મુજબની ફૂટ ઓવરબ્રીજ / કન્વેયર બેલ્ટ સીસ્ટમ બનાવવા અંગેની રજુઆત કરવામાં આવેલ હતી. જેમા રેલ્વે વિભાગ મારફતે સદર બાબતે તૈયારી દર્શાવી સુરત મહાનગરપાલિકા પાસે આ ફુટ ઓવરબ્રીજ / કન્વેટર બેલ્ટ સિસ્ટમ ની કન્સેપ્ચ્યુઅલ પ્લાનીંગ કરી રેલ્વે વિભાગ માં સબમીટ કરાવવા અંગે જણાવેલ છે. સુરત મહાનગરપાલિકા મારફતે સુરત રેલ્વે સ્ટેશનની સાફ–સફાઈ અર્થે રેલ્વે વિભાગ મારફતે આપવામાં આવતા કોન્ટ્રાકટ અનુસાર સાફ–સફાઈ કરવા અંગે તૈયારી દર્શાવી હતી, જેને રેલ્વે વિભાગ તરફથી પણ સ્વીકારવામાં આવેલ હતી. રેલ્વે સ્ટેશનના વિકાસ તથા વધુ પ્લેટફોમની સુવિધાઓ હયાત ગુડઝ યાર્ડની જગ્યાએ કરવા તથા ટ્રાફિકનુ ભારણ ઘટાડવા હયાત ગુડઝ યાર્ડને અન્ય જગ્યાએ લઈ જવા સારૂ સુરત મહાનગરપાલિકા મારફતે રજુઆત કરવામાં આવેલ હતી. જેમાં રેલ્વે વિભાગ તરફથી સુચવાયા મુજબ રેલ્વે મારફતે ચાલુ નાણાકિય વર્ષમાં રેલ્વે સ્ટેશનને PPP ધોરણે વિકાસ કરવા નાણાની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સુરત મહાનગરપાલિકા સદર ગુડઝ યાર્ડને કેવીરીતે ડેવલપ કરવા માંગે છે તે મુજબ ની સેલ્ફ સસ્ટેઈનેબલ કોર્મશીયલ કોમ્પેક્ષ સાથેની કન્સેપ્ચ્યુઅલ ડિઝાઈન PPP મોડલે તૈયાર કરી રેલ્વે વિભાગ માં સબમીટ કરાવવું તથા શકય હશે તે મુજબ ની આગળની કામગીરી અંગેનું આશ્વસન આપવામાં આવે છે.

TOP

## તા.૧–૮–૧૪ થી ૧૪–૮–૧૪ સુઘી " મહિલા સશકિતકરણ" નું પખવાડીયુ બાબત :–

તા.૧–૮–૧૪ થી ૧૪–૮–૧૪ સુઘી " **મહિલા સશકિતકરણ"** નું પખવાડીયુ ઉજવવાનું સરકારશ્રીએ નકકી કરેલ છે. મે. કમિશનરશ્રીનાં તા. ૨–૮–૧૪ નાં આદેશ અનુસાર તા. ૬–૮–૧૪ નાં રોજ " મહિલા અસ્મિતા દિવસ" નાં ભાગરૂપે સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારોમાં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી હાથ ઘરવામાં આવી હતી. આ કામગીરીમાં અધિકારી / સુપરવાઇઝર– ૧૮૧ અને સફાઈ કામદાર / બેલદાર ૧૧૧૦ મળી કુલ ૧૨૯૧ કર્મચારીઓ આ ઝુંબેશમાં જોડાયા હતા. આ કામગીરી દરમ્યાન કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો કુલ ૧૨૮ મે. ટન જેટલો કચરો નિકાલ કરવામાં આવ્યો અને લારી, ગલ્લા અને અન્યસામાન મળી કુલ–૪૩ દબાણો દુર કરવામાં આવ્યા. ૮૪ ચો.મી. ફુટપાથ રીપેર કરવામાં આવી. જયારે ૭૬.૦૦ રનીગ મીટર વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા. વરસાદી જાળીયા/ઈનલેટ ચેમ્બર/મેનહોલ પૈકી ૮૨ સાફ કરી અને ૦૬ રીપેર કરવામાં આવ્યા. લાઈટ વિભાગ ધ્વારા ૯૦ જગ્યાએ લાઈટપોલ ચેક કામગીરી કરવામાં આવી. પે એન્ડ યુઝ ટોઈલેટ ૦૬ ચેક કરી ૦૩ સંચાલકોને નોટીસ આપવામાં આવી. ૨૦ ધાર્મિક સ્થળ, સામજીક, શૈક્ષણિક વ્યાપારી સંસ્થાઓની આજુબાજુની ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવી. આ વિસ્તારોમાં જણાયેલ બાંધકામનું મટીરીયલ, ડેબ્રીસનાં ૦૩ ઢગલાઓનો નિકાલ કરવામાં આવ્યો. ખાનગી / સરકારી ખુલ્લા ૧૧ પ્લોટોમાં ગંદકી જણાતા તેની સફાઈ કરાવવામાં આવી. ૬૩ કિ.ગ્રા. જેટલી ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો. ૧૨ ટ્રાફીક સર્કલ/મહાનુભાવોની પ્રતિમા સફાઈ કરાવવામાં આવી. ૫૮ જેટલી હોટલ / રેસ્ટોરન્ટ ચેક કરી, ૮૧ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો. આ ઝુંબેશ કામગીરી દરમ્યાન ૨૮૩ સંસ્થાઓને નોટીસ / ચેતવણી આપી **રૂા.૧,૧૧,૯૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ.

ગાર્ડન વિભાગ નાં ૧૪૫ અધિકારી / કર્મચારીઓ ધ્વારા ૫૫ જેટલા બાગબગીચાની સફાઈ, ૩૨ વૃક્ષોનું ટીમીંગ તથા ૧૧ બીનજરૂરી લોખંડનાં પીજરા દુર કરાવવામાં આવ્યા.

ઉપરોકત તમામ ઝુંબેશ મા. કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

**TOP**

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૪૦ (લિંબાયત–ડિંડોલી), ૪૧ (ડિંડોલી) | | |
| ૨ | વિસ્તાર | | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | (૧) ૪૦ (લિંબાયત–ડિંડોલી)–ફા.પ્લોટ નં.૩/સી<br>(૨) ૪૧ (ડિંડોલી)–ફા.પ્લોટ નં.૧૧/બી, ૪૦/એ | | |
| | સબ પ્લોટ નંબર | (૧) ૪૦ (લિંબાયત–ડિંડોલી)–ફા.પ્લોટ નં.૩/સી સબ પ્લોટ નં.૨૬,૨૭<br>(૨) ૪૧ (ડિંડોલી)–ફા. પ્લોટ નં.૧૧/બી, સબ પ્લોટ નં.૧૪૬ થી ૧૫૦ અને ફા.પ્લોટ નં.૪૦એ, સબ પ્લોટ નં.૮,૯,૧૦ | | |
| | રીઝર્વેશન પ્લોટની વિગત | | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે) | રહેઠાણ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ(ફુટમા) | ચો.ફુટ(વિસ્તાર) |
| | | ભોયતળિયે | (૧)૨૪ × ૪૨ | ૧૦૦૮ |
| | | પ્રથમમાળ | (૨)૪૫ × ૩૦<br>૩૦ × ૨૭ | ૧૩૫૦<br>૮૧૦ |
| | | બીજોમાળ | | |
| | | .ત્રીજોમાળ | | |
| | | ચોથોમાળ | | |
| ૬ | માલિકનું નામ | (૧) મહંમદ ઈરશાદ શેખ | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | જાતે તપાસ કરવામાં આવેલ | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | (૧) ટી.પી.સ્કીમ નં.૪૦(લિંબાયત–ડિંડોલી)ના ફા.પ્લોટ નં.૩/સી મા આવેલ છત્રાપતી શિવાજી નગરનાં પ્લોટ નં.૨૬,૨૮ નાં ગ્રાઉન્ડ ફ્લોર પર મંજુરી વગર ૨૪ × ૪૨ નાં માપ વિસ્તારમાં કરવામાં આવેલ સટરીંગ અને સેન્ટીંગ દુર કરવામાં આવેલ છે.<br>( ૨) ટી.પી.સ્કીમ નં. ૪૧ (ડિંડોલી) ના ફા.પ્લોટ નં.૧૧/બી માં આવેલ મણીનગર વસાહત ના પ્લોટ નં.૧૪૬ થી ૧૫૦ માં પ્રથમ માળ પર મંજુરી વગર કરવામાં આવેલ આર.સી.સી.કોલમ સ્થળ પર દુર કરવામાં આવેલ છે.,તેમજ સદર ટી.પી.સ્કીમનાં ફા.પ્લોટ નં.૪૦/એ માં આવેલ ગંગા સાગર વસાહતના પ્લોટ નં.૮,૯,૧૦માં પ્રથમ માળ પર મંજુરી વગર કરવામાં આવેલ આર.સી.સી.કોલમ સ્થળ પર દુર કરવામાં આવેલ છે. | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | ૩ | | |
| | બેલદારની સંખ્યા | ૨૦ | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | ઉપરોકત મિલ્કતદારો પાસે થી વહીવટી ચાર્જ રૂપે કુલ રૂપિયા ૪૫૦૦૦ વસુલ કરવામાં આવેલ છે. | | |
| ૧૩ | અન્ય માહિતી | | | |

TOP

## ૬૫ માં વન મહોત્સવની ઉજવણી બાબત :–

**૬૫ માં વન મહોત્સવની ઉજવણી** નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ **તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં** વધુ વૃક્ષો વાવી આપણું સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર **તા.૦૧/૦૮/૧૪ થી તા.૦૭/૦૮/૧૪ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન** કરવામાં આવેલ.

તા.૦૭/૦૮/૧૪ ના રોજ જે તે ઝોનનાં ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ. દિવસ દરમ્યાન વિવિધ વોર્ડ વિસ્તારમાં થયેલ ૧૧૩૯ રોપાના ટ્રી પ્લાન્ટેશન અને વિનામૂલ્યે વૃક્ષોના રોપા વિતરણ કેન્દ્રો મારફત ૨૨૮૩ નંગ વિવિધ વૃક્ષોના રોપાઓના વિતરણ સહિત કુલ– ૩૪૨૨ રોપાઓનું શહેરમાં પ્લાન્ટેશન કરવામાં આવેલ.

વધુમાં નીચે પરિશિષ્ટ–અ માં જણાવેલ વિગતો મુજબ તા.૦૧/૦૮/૧૪ થી તા.૦૭/૦૮/૧૪ દરમ્યાન કુલ ૧૬૬૩૪ રોપાઓનું શહેરમાં વિવિધ સ્થળોએ મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

**પરિશિષ્ટ – અ**

| તારીખ | ટ્રી પ્લાન્ટેશન | વિનામૂલ્યે રોપા વિતરણ |
|---|---|---|
| ૦૧/૦૮/૧૪ | ૧૦૯૬ | ૯૪૧ |
| ૦૨/૦૮/૧૪ | ૬૭૮ | ૨૪૩૦ |
| ૦૩/૦૮/૧૪ | ૭૯૪ | ૧૬૩૪ |
| ૦૪/૦૮/૧૪ | | |
| ૦૫/૦૮/૧૪ | ૭૯૫ | ૧૮૬૦ |
| ૦૬/૦૮/૧૪ | ૭૪૯ | ૨૨૩૫ |
| ૦૭/૦૮/૧૪ | ૧૧૩૯ | ૨૨૮૩ |
| કુલ | ૫૨૫૧ | ૧૧૩૮૩ |

TOP

## તા.૬/૮/૧૪ના રોજ ''મહિલા અસ્મિતા દિવસ''ની ઉજવણી અંતર્ગત મહિલા શિબિરનું આયોજન બાબતઃ–

ગતિશિલ ગુજરાત ૧૦૦ દિવસ લક્ષ્યાંકના ભાગરૂપે તા.૧/૮/૧૪થી ૧૫/૮/૧૪ સુધી મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત તા.૬/૮/૧૪ના રોજ ''મહિલા અસ્મિતા દિવસ''ની ઉજવણી અંતર્ગત મહિલા શિબિરનું આયોજન સુરત મહાનગરપાલિકાના સરદાર ખંડ ખાતે મા.ડેપ્યુટી મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાના ચેરમેનશ્રીઓ, મહિલા સદસ્યશ્રીઓ તેમજ શહેરની સ્થાનિક મહિલા સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ મિશન મંગલમ યોજનાના સખી મંડળની બહેનો હાજર રહયા હતાં

કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવેલ. ડેપ્યુટી કમિશ્નરશ્રી(હે. અને હો.) હેમંતભાઈ દેસાઈએ આવકાર પ્રવચન આપતા જણાવેલ કે સુરત શહેરમાં મહિલા સશકિતકરણના ભાગરૂપે ''રાખી મેલા''નું આયોજન કરવામાં આવેલ, જેમાં ૬૮ જેટલા સ્ટોલ પરથી ત્રણ દિવસમાં રૂપિયા ૪ લાખનું રાખડી અને અન્ય વસ્તુઓનું વેચાણ કરવામાં આવેલ. જે આપણા સૌના માટે આનંદની વાત છે સખી મંડળો આવી નાની–નાની પ્રવૃત્તિઓ કરી પગભર બને એ યોજનાનો મુખ્ય આશય છે.

મા. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે જણાવેલ કે મા. મુખ્યમંત્રીશ્રી મહિલાઓના ઉત્થાન માટે ચિંતિત છે આંગણવાડીના બાળકોને કુપોષણમાંથી બહાર લાવવા માટે આંગણવાડીઓને દત્તક લેવા આહવાન કરેલ. સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહે જણાવેલ કે મા.મુખ્યમંત્રીશ્રી મહિલાઓના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. જે સંદર્ભે વિવિધ કાર્યક્રમો ધ્વારા સખી મંડળોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

કાર્યક્રમના અધ્યક્ષ્યા અને મા.ડેપ્યુટી મેયરશ્રીએ પ્રાસંગિક ઉદ્‍બોધન કરતા જણાવ્યું હતુ કે, ''આમ તો આપણે ત્યાં સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે, જયારે મહિલાઓના વિકાસ માટે પખવાડિક ઉજવણી ધ્વારા વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવનાર છે. જેનો લાભ વિસ્તારના લોકોએ લેવો જોઈએ.'' મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત સખી મંડળોના હોદ્દેદારોને રીવોલ્વીંગ ફંડની સહાય/ ચેક વિતરણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આપવામાં આવ્યું હતું.

મહિલા આરોગ્યને લગતી બાબતો અંગે ડો. વિકાસ દેસાઈએ વિસ્તૃત માહિતી આપી હતી. જયારે મહિલા અધિકારોને લગતા કાયદા કલમો અંગે એડવોકેટ શ્રીમતી શીલ્પાબેન શાહે છણાવટ કરી હતી. યુસીડી વિભાગના પ્રોજેકટ ઓફિસરશ્રી આર.સી.પટેલે વિભાગીય યોજનાઓ મિશન મંગલમ (અર્બન) યોજના– સખી મંડળો, નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન (NULM), સેવા વિનિમય પ્રોત્સાહન કેન્દ્ર (SEPC), અર્બન રીસોર્સ સેન્ટર (URC)ની વિગતે માહિતી આપી હતી. ડો. કે.એ.શ્રોફ ધ્વારા આરોગ્યને લગતી મહિલાલક્ષી વિવિધ યોજનાઓની વિગતો આપી હતી કાર્યક્રમની આભાર વિધિ ડે.પ્રોજેકટ ઓફિસર શ્રીમતી આર.આર. પરમારે કરી હતી.

TOP